<u>ક્રિમી.કેસ નંબરઃ– ૭૪૭૫૮/૧૮</u>

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે જી.પી.એક્ટની કલમ:૧૩૧ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતાં હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું તથા તેને કોઈ લાલચ કે, પ્રલોભન કોઇએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતો હોવાનું જણાઈ આવતું હોઈ હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામા જીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનાવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ નો પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લઈ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>–ઃ હુકમ ઃ–</u>**

આરોપીને મજકુર ગુના સબબ ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી જી.પી.એક્ટની કલમ:૧૩૧ મુજબના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.200/-(અંકે રૂપીયા બસો) નો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો, દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

મુદ્દામાલ વાહન બાબતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા ક્રિમીનલ મેન્યુઅલ પ્રમાણેની કાર્યવાહી કરવી.

આ હુકમ આજ તા. ૦૮મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૮–૦૯–૨૦૧૮
અમદાવાદ.

(મેહુલકુમાર કિશોરસિંહ ખેર)
CODE NO. GJ00859
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર:૨૧, અમદાવાદ.